दीये जलते हैं
फूल खिलते हैं
बड़ी मुश्किल से मगर
दुनिया में दोस्त मिलते हैं!

# ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા



# અંતરનો સાદ

30 જૂન 2013.
સ્થળ - કૈલાશ કેન્સર હોસ્પિટલ, મુનિ સેવા આશ્રમ.
આવતી કાલ એટલે કે 1 જુલાઈ થી મારે ફુલ ટાઈમ કન્સલ્ટન્ટ
ફિઝિશિયન ની ફરજ સંભાળવાની હતી.



આશ્રમમાં પગ મૂકતા જ ભણકારો થયો.
**" ભાઈ , આવી ગયા ? "**
ક્ષણ ભર મન 43 વર્ષ પાછળ ગયું.
અરે આ તો એ જ ચિત પરિચિત અવાજ હતો.
હા, અનુબેન નો જ અવાજ.
એ જ ઉષ્મા એ જ સ્નેહ.

1982 માં પણ આ જ રીતે એમણે મને આવકાર્યો હતો.

વાત જાણે એમ હતી કે -

ત્યારે બરોડા મેડિકલ કોલેજ માં MBBS ( 1977 ની બેચ ) પછી
ઇન્ટર્નશિપ ની શરૂઆત અમે 1982 માં વડોદરાની સયાજી હોસ્પિટલમાં
CPGP નામની ઓપીડી થી કરી હતી.

પેશન્ટને સર્વ પ્રથમ અહીં મોકલવામાં આવતા. ત્યાં તેમનું પ્રાથમિક
મૂલ્યાંકન કરીને તેમને સંબંધિત ઓપીડીમાં રિફર કરવાનું કામ રહેતું.

એક દિવસ ત્યાં એક ભાઈ આવ્યા અને ડૉ વિક્રમભાઈને પહેલાં નમ્રતાથી
પોતાનો પરિચય આપીને કહ્યું કે ગોરજ ગામે એક સેવાભાવી સંસ્થા માં અમને
ડોક્ટરો ની જરૂર છે..

તો જો તમે દર રવિવારે સેવા આપવા આવી શકો તો સારું. ગરીબ અને
પછાત વિસ્તાર છે. અને ત્યાં દવાખાના ની કે ડોક્ટરની કોઈ વ્યવસ્થા નથી.

**પછી ધીમેથી એમણે ઉમેર્યું કે અમારી પાસે પગાર આપવાની સગવડતા નથી.**

અનુબેને ખાસ કરીને ઇન્ટર્નશિપ માં કામ કરતાં ડોક્ટર્સ નો
સંપર્ક કરવાનું એમને કહ્યુ હતું.

ડૉ વિક્રમભાઈ એ કહ્યું કે કાલે વિચારીને જવાબ આપશું.

**તો હળવું સ્મિત કરીને તેઓ બોલ્યા કે " એમ કરો. તમે પિકનિક
કરવાના ધોરણે આવો. નદી છે. તેમાં નહાજો . પછી પોંકની પાર્ટી રાખી છે.
જગ્યા જુઓ. તે જોયા પછી તમને મન થાય તો હા પાડજો. અને નહીંતર
ના પાડો તો પણ કોઈ વાંધો નથી."**

**ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા**



ન્યૂ મેડિકલ હોસ્ટેલ નાં  પેન્ટ હાઉસમાં તે સાંજે બધા ભેગા થયા.

હા- ના ની ચર્ચાના અંતે નક્કી કર્યું કે છેવટે પિકનિક કરવાના ધોરણે જવું.

તે પછીના રવિવારે નક્કી કર્યા મુજબ આશ્રમ દ્વારા વ્યવસ્થા કરેલી એક ટ્રકમાં ગાદલા પાથરી ને અમને BMC 77 (બરોડા મેડિકલ કોલેજ ) બેચના લગભગ 40 મિત્રોને મુનિ આશ્રમ લઈ જવામાં આવ્યા.

**આશ્રમ પહોંચ્યા કે તરત જ પૂજ્ય અનુબેન સામે આવ્યા અને કહ્યું " આવી ગયા , ભાઈ ? "**



આ શબ્દો મારી સ્મૃતિનો એક કાયમી અંશ બની જવાના હતા.

પછી તો પોંક પાર્ટી, અને નદીમાં નહાવાનું પતાવી ને બધા બેઠા ત્યારે પૂજ્ય અનુબેન  દ્વારા સાવ સાદી અને નિખાલસ ભાષામાં અમને આશ્રમ નો હેતુ અને એમની રવિવારની ઓપીડી માટેની ડોક્ટર્સ ની જરૂરિયાત માટેની વાત કરી.

**સાચું કહું તો આશ્રમમાં પગ મૂકતાંની સાથે જ મનમાં નિર્ણય તો લેવાઈ ગયો હતો કે અહીં જરૂર અવાય.**

બધાએ એકી અવાજે હા પાડી અને તુરંત જ એક નાની સંકલન સમિતિની રચના થઈ ગઈ, જેમાં ડૉ વિક્રમ પટેલ, હું એટલે કે ડૉ સુરેશ કુબાવત, ડૉ અતુલ શાહ અને ડૉ હેમંત પટેલ એમ 4 લોકોએ જવાબદારી સંભાળી અને બેન ને વચન આપ્યું કે દર રવિવારે 3 ડોક્ટર્સ નિયમિત આવશે.

કોઈ કારણસર કોઈ મિત્ર આવી ન શકે તો
અમારા 4 માંથી કોઈ આવી ને 3 ની સંખ્યા તૂટવા નહીં દે.

એ ક્રમ એમ એક વર્ષ બરાબર ચાલ્યો. વડોદરાના પ્રાઇવેટ
પ્રેક્ટિશનરો પાસેથી સેમ્પલ ની દવા લઈને જતા અને એ
દવાઓ માંથી જ ચલાવતા.



અમારી નિયમિતતાનું એક કારણ આશ્રમમાં રસોઇ
કરતા દોલીબેનની સ્વાદિષ્ટ રસોઈનો સ્વાદ !!
એ સ્વાદ પણ અમને રવિવારની રાહ જોવા મજબૂર કરતો.

એમ એક વર્ષ પૂરું થયું.
બધા પી જી ના એડમિશન લઈને ઉચ્ચતર અભ્યાસમાં
પ્રવૃત થઈ ગયા.

પરંતુ ડૉ વિક્રમભાઈ ના મનમાં કંઈક અલગ અવઢવ
ચાલતી હતી, એમનું મન અહીંથી ક્યાંય જવા ના પાડતું હતું.

ઓર્થોપેડીક માં એડમિશન મળી જવાનું હતું. રસ પણ હતો.
ઉજ્જવલ કારકિર્દી અને ઉન્ન્ત ભવિષ્ય રાહ જોતાં હતા.

એ જ અરસામાં એક વખત મુનિ મહારાજ આશ્રમ પધાર્યા ત્યાં
તેઓએ ડૉ વિક્રમભાઇને જોઇને કહ્યું કે તમારે ક્યાંય જવાનું નથી.
આ અને અહીં જ તમારું સ્થાન છે.

ઘરે વાત થઈ.
બધાએ હોંશે હોંશે એમને અનુમતિ આપી.

અને પહેલા ફુલ ટાઈમ ડોક્ટર તરીકે તેઓ આશ્રમમાં જોડાયાં.
ડોક્ટર કહો કે સર્જન કહો કે ગાયનેકોલોજિસ્ટ કહો કે રેડિયોલોજિસ્ટ
કહો કે પેથોલોજીસ્ટ, એમણે બધા મોરચા સંભાળ્યા.

શરૂઆતમાં 25 પૈસા કેસ કાઢવાના અને 7 દિવસની દવાના , પછી 2 રૂપિયા થયા , એ પછી ઘણા વર્ષે 10 રૂપિયા થયા.

એમના શરૂઆતના સંઘર્ષના દિવસો, ટાંચા સાધનો, આર્થિક સમસ્યાઓ , એ ઉપરાંત આશ્રમ ને લગતી બધી બાબતોનું ધ્યાન રાખવાનું.

ક્યારેક બપોરે જમ્યા હોય તો રાતનું જમવાની કોઈ વ્યવસ્થા ન હોય. મૂડી માં હાથ પર રોકડા 50 રૂપિયા હોય. ગોરજ ગામના કોઈ દયાળુ ખોરડેથી થોડી છાશ મળે અને દેવ નદીને કિનારે આવેલ સરગવાની શીંગો - રોટલો અને કઢી બને અને દિવસ ટૂંકો થાય. હા , દોલીબેન ને વિક્રમભાઈ પર વિશેષ ભાવ એટલે એમના પગાર ના દિવસે (એ દિવસોના 10 - 20 રૂપિયા ના નજીવા પગારમાંથી) ઉદારતા પૂર્વક છેક વાઘોડિયા જઇને ભીંડા લાવી શાક બનાવી ને વિક્રમભાઇ ખવડાવે. એ નિર્ભેળ પ્રેમ નો પ્રતાપ જસ્તો !

પણ પછી ઈશ્વર અને ગુરુકૃપાએ આશ્રમના સેવા યજ્ઞની સુવાસ ફેલાતી ગઇ , એક પછી એક વ્યક્તિઓ આશ્રમની મુલાકાત લેતા ગયા, આશ્રમની વૃત્તિ , પ્રવૃત્તિ  અને પ્રકૃતિથી પ્રભાવિત થઈને આશ્રમ વિશે અન્યો ને જાણકારી આપતા ગયા. એમ ઉતરોતર વધુ ને વધુ લોકો આશ્રમ સાથે જોડાતા ગયા. અને ઈતિહાસ રચાતો ગયો. !!

પણ, એ બધી બાબતોનું વર્ણન સાંભળવા, સમજવા અને અનુભવવા માટે આપણે ડૉ વિક્રમભાઈ પાસે જ બેસવું પડે.

**હે દીવા,તને પ્રણામ.**
**અંધારાંમાં કરતો તું તો સૂર્ય ચંદ્રનું કામ.**
**હે દીવા,તને પ્રણામ.**

**તારાં મુઠ્ઠી કિરણોનું કેવું અલગારી તપ?**
**પથભૂલ્યાને પ્રાણ પાઈને કહેતા આગળ ધપ,**
**ગતિ હશે પગમાંતો મળશે કદીક ધાર્યું ધામ.**

**હે દીવા,તને પ્રણામ.**
**જાત પ્રજાળીને ઝૂઝવાનું તે રાખ્યું છે વ્રત,**
**હે દીવા! તું ટકે ત્યાં સુધી ટકે દ્રષ્ટિનું સત!**




# એક દૃષ્ટિ પૂર્વાનુસંધાન પર

1982 ના મારા આશ્રમમાં સેવા આપવાના દિવસોનું અનુસંધાન મારા મુનિ આશ્રમ સાથે 2013 ના 1 જુલાઈના રોજ ફરીથી જોડાવાના દિવસ સુધી લઈ જવાનું હતું.

**સ્થળ: વડોદરા.**
**વર્ષ: ૧૯૭૫.**

વડોદરાના નગરપાલિકાના ગેસ્ટ હાઉસમાં એ સવારે મારા પિતાશ્રીએ મને સામે બેસાડીને મમતા અને વ્યવહારના મિશ્રણ ભર્યા શબ્દો ઉચ્ચાર્યાં : **"સુરુભાઈ, હવે હું જાઉં?"**

હું તેમનો પુત્ર હતો, પણ તેઓ મને 'સુરુભાઈ' કહીને સંબોધતા. મારા વિરોધ છતાં તેમનો આ પ્રેમભર્યો આગ્રહ જળવાયેલો રહેલો. તેઓ કહેતા: "સોળ વર્ષની ઉંમર પછી પુત્ર પિતાનો મિત્ર બની જાય છે."

તેમનો પ્રશ્ન સયાજીરાવ યુનિવર્સિટીમાં અને હોસ્ટેલમાં મારા પ્રવેશ બાદ પોતે ઘરે પાછા ફરે એ સંદર્ભે હતો.

મેં સાહજિકતાથી પૂછ્યું: "ક્યાં?"
અને પછી તુરત જ મને ભાન થયું. તેઓ મારી પાસેથી વિદાય લેવાની વાત કરતા હતા.
એક અજાણ્યા શહેરમાં, જ્યાં હજી મેં મારા પગ પણ સ્થિર નહોતા કર્યા, ત્યાં મને '**એકલો**' છોડીને પાછા ફરવાની વાત !

થોડીવારે ભારે મૌન બાદ અચાનક મને એક (કુ)તર્કસંગત પ્રશ્ન સૂઝ્યો – અથવા કહો કે, મને આમ તેમ ફાંફા મારતા એક બહાનું મળ્યું: " પણ અહીં મારી ટુ કૉપીઓમાં સહી કોણ કરી આપશે?"



તેમણે એક પણ ક્ષણનો વિલંબ કર્યા વિના માત્ર એક જ શબ્દ કહ્યો : "ચાલ."

થોડી જ મિનિટોમાં, અમે વડોદરા જિલ્લા પંચાયતની કચેરીમાં હતા. **બહાર બોર્ડ પર એક નામ ઝળકતું હતું: "શ્રી પી.જી. પટેલ, ચીટનીશ શ્રી."**
પિતાશ્રીએ ધીમેથી કહ્યું: "આ સાહેબ મારા મિત્ર છે."

ઓફિસમાં પ્રવેશ્યા પછી, ઔપચારિકતા અને 'કેમ છો'ની આપ-લે બાદ, પિતાશ્રીએ એ સાહેબને મારો પરિચય કરાવ્યો: **"આ મારો પુત્ર સુરેશ.**
એમ એસ યુનિવર્સિટી માં એડમિશન મળ્યું છે, ક્યારેય કોઈ કામકાજ હોય તો તમને મળશે."

**શ્રી પી.જી. પટેલ સાહેબે મારા પિતાના શબ્દોને સ્નેહથી વધાવ્યા: "ચોક્કસ. અને બીજી એક ખાસ વાત, મારા દીકરાએ પણ આ જ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો છે, અને એ પણ યુનિવર્સીટી હોસ્ટેલમાં જ રહે છે. એનું નામ વિક્રમ છે."**



થોડી માહિતી મેળવીને, મેં વચન આપ્યું કે હું ચોક્કસ તેને શોધી કાઢીશ.
અને ખરેખર, કેમ્પસમાં આવ્યા પછી મારું પહેલું કાર્ય વિક્રમને શોધવાનું જ હતું.

અમે મળ્યા. મિત્રો બન્યા. પછી રૂમ-પાર્ટનર પણ. તે છેક મારા પી.જી.ના એડમિશન બાદ જ છુટા પડ્યા.





**દોસ્ત તારી હાજરીથી**
**એવું તો શું થાય છે?**
**હું અને મારી દશા**
**બંને સુધરતાં જાય છે.**

## પુનઃ-અનુસંધાનઃ ૨૦૧૩

વર્ષો વીત્યા.
જૂનાગઢમાં 23 વર્ષ પ્રેક્ટિસ કરી અને ખૂબ લોકચાહના મેળવી.
પણ 2013માં અમદાવાદ સ્થળાંતર કરવાનો નિર્ણય કર્યો.

જ્યારે વિક્રમને ખબર પડી કે મેં જૂનાગઢની મારી હોસ્પિટલ અને પ્રેક્ટિસ છોડીને અમદાવાદ સ્થળાંતર કર્યું છે, ત્યારે તરત જ તેનો ફોન આવ્યો. એ ફોનમાં કોઈ ઔપચારિકતા નહોતી, માત્ર એક મિત્રનો ઉષ્માભર્યો સાદ હતો: "અહીં મુનિ સેવા આશ્રમમાં અમારે ફિઝિશિયનની જરૂર છે તું અહીં આવી જા."

અમદાવાદમાં સ્થાયી થવાનું નક્કી કર્યા બાદ, આ અણધારી ઓફરે મારા મનમાં અવઢવ ઉભી કરી.

થોડું વિચારીને મેં કહ્યું: "આવું તો ખરો, પણ એક મહિનો રોકાઈશ. પછી નક્કી કરીશ કે આગળ વધવું કે અમદાવાદ પાછું ફરવું."

વિક્રમભાઈ નો ઉત્તર એટલો જ સરળ અને સ્વીકૃતિભર્યો હતો: **"ભલે! એક મહિનો રહે, પછી નક્કી કરજે, બસ!"**

એક મહિનાનો એ ગાળો, જીવનનો એક વળાંક સાબિત થયો. મને મારી રીતે, સંપૂર્ણ માનસિક શાંતિ અને સંતોષ સાથે કામ કરવાની જે મજા આવી, તેના કારણે મેં ત્યાં જ રોકાઈ જવાનું નક્કી કર્યું. **'9 - સંત કુટીર' એ લાંબા સમય સુધી મારું બીજું ઘર બનવાનું હતું.**

એક ડોક્ટર તરીકે કહું તો અહીં સૌથી શ્રેષ્ઠ બાબત એ અનુભવી કે આજના સમયમાં દુર્લભ ગણાય એવી નિર્ભેળ પ્રમાણિક અને સ્વતંત્ર પ્રેક્ટિસ જોવા મળી.

કોઈ વાત 'રા' રાખીને કરવાની નહોતી. એટલે કે, કાર્યમાં સંપૂર્ણ પારદર્શિતા હતી.
મુનિ આશ્રમમાં મેં ક્યારેય 'નોકરી' કરતો હોઉં તેવું અનુભવ્યું નથી. જૂનાગઢમાં મેં જે સંપૂર્ણ પ્રમાણિકતાની માનસિકતા કેળવી હતી, તે જ ભાવના સાથે અહીં મારું પોતાનું કાર્ય ગણીને કામ કરવાનું હતું.
વળી, મિત્ર સાથે ફરી અનુસંધાન થવાનું હતું.

કોને ન ગમે?

**મેં હૃદયપૂર્વક આ 12 વર્ષનો 'વનવાસ' - કહો કે, 'આશ્રમવાસ' - સ્વીકાર્યો.**



## ડૉ. વિક્રમ પટેલ: એક શ્રીફળ સમું વ્યક્તિત્વ
## બહારથી કઠોર, હૃદયથી અત્યંત મુલાયમ !

**અમુક સંબંધો સમયથી પરે, આત્માના અને આત્મીયતાના માપદંડ પર ખરા ઊતરે છે.**
૧૯૭૫માં વડોદરાની ભૂમિ પર અમારો જે પરિચય થયો, તે ઉત્તરોત્તર વધુ ને વધુ ગાઢ થતો ગયો. આ દોસ્તીને આજે પચાસેક વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે,અને તેની મીઠાશ હજુ એવી ને એવી જ છે.

**બેફિકરાઈ ભર્યા હોસ્ટેલ લાઇફના એ દિવસો !!**
એમ.એસ. યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહેતાં રહેતાં એક સરસ મઝાનું ગ્રૂપ થઇ ગયું હતું.
હું, વિક્રમ, સુનિલ, સુધીર, દીપક, અનિલ, ચેતન, બિમલ, યોગેશ, પ્રવીણ, બંકિમ, દેવેન્દ્ર, રાજેશ, રાજેન્દ્ર, અતુલ, નૈષધ, પિનાકીન, કેદાર— વિગેરે ઘણા મિત્રો હોસ્ટેલ ના એ દિવસોમાં મળ્યા.
હોસ્ટેલના ધાબા પર એક-એક રૂપિયાની ટિકિટવાળા મૂવી શો હોય કે પછી પહેરેલે કપડે બાજુના નટરાજ સિનેમામાં ફિલ્મ જોવા જવાની મસ્તી, અમે દરેક ક્ષણને તહેવારની જેમ જીવતા. ધૂળેટીમાં ઢોલક લઈને મહી નદી પર જવાનું, પાણીમાં ડૂબકીઓ લગાવવાની અને બેફામ મસ્તી કરવાની એ ક્ષણો બેફિકરાઈ અને મોજથી ભરેલી હતી.



“

**કોની ગણના,**
**અવગણના પણ કોની કરવી?**

**કોઈ મિત્ર છે અત્તર જેવા**
**કોઈ મઘમઘ ફુલ!**

**ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા**

વિક્રમ એ દિવસોમાં અમારા સૌમાંનો એક હતો, પણ અલગ હતો.
એનામાં કંઈક અસામાન્ય હતું જ - કદાચ એ હતું ચર્ચાઓના અંતે તેનું જીતી જવું.
એની દલીલોમાં એક ધાર હતી, અને એ ધાર પાછળ હંમેશ છુપાયેલું હતું સત્ય !

**જિંદગીમાં દોસ્ત હોવા જોઇએ, જેની આંખે ખુદને જોવા જોઇએ.**

ત્યારે અમને એનો સ્વભાવ જીદ્દી લાગતો. કદાચ આજે પણ એ સ્વભાવનો અંશ એમાં હયાત છે, પણ એ જીદની અંદર ઝાંખીએ તો જોવા મળતી - સત્યની સાથે ઊભા રહેવાની એની ખેવના અને ટેક !

**નોખા માર્ગે અનોખું જીવન:**

એ સ્વભાવને કારણે જ એણે પરંપરાગત કારકિર્દીને બદલે નોખો - કહોકે કાંટાળો માર્ગ પસંદ કર્યો. તેણે હાડમારી વેઠી, લાંબો અને કઠિન જણાતો રસ્તો સ્વીકાર્યો—કારણ કે જીવનના જે સત્યને અમે સૌ જોઇ શકવા અસમર્થ હતા, તેને તેણે વહેલા પારખી લીધું હતું.

મૂળભૂત રીતે કુટુંબ - પરિવારની ઇચ્છાને માન આપીને તેણે મેડિકલ લાઇન લીધી અને તે ડૉક્ટર બન્યો. પણ મૂળે એ જીવ તો એન્જિનિયરનો ! તેનું મગજ સતત ટેક્નોલોજીના ટ્રેક પર દોડતું રહેતું. વળી, કૃષિ ક્ષેત્રમાં પણ એટલો જ ઊંડો રસ. જેના પરિણામે, આજે તે લગભગ 1000 એકરના ફાર્મમાં ઉત્તમ ઓર્ગેનિક ખેતી કરે છે.

કદાચ મુનિ સેવા આશ્રમમાં જ તેણે પોતાના આ સુષુપ્ત પાસાઓને ઉજાગર કરવાની અને જીવનપથ ઉજાળવાની તક જોઇ લીધી હતી. તેણે પસંદ કરેલો રસ્તો પડકારોથી ભરેલો અને કઠિન હતો, પરંતુ તેની સાડા ચાર દાયકાની આ અદ્ભુત યાત્રાનું વર્ણન આટલા ટૂંકા શબ્દોમાં કરવું એટલે એક ખોબામાં સાગર સમાવવા જેવી વાત ગણાય!



**"અપ્પ દીપો ભવ" ની પોતીકી સમઝણ કેળવી,
જાત બાળી જગતને અજ્વાળીએ
ત્યારે આસપાસના સઘળાં અંધકારના
થર ઓગળવા માંડે
અને
જે પળે ભીતરનો દીવો પ્રગટે
એ પળ શાશ્વત થઇ જાય !**

**વિક્રમ - વિક્રમભાઇ - વિક્રમ :**

એમ.ડી. (મેડિસિન)માં એસ.એસ.જી.માં પ્રવેશ લીધા બાદ પણ હું - અમે મુનિ સેવા આશ્રમ અવારનવાર આવતા રહેતા. મારા લગ્ન થઈ ગયેલા અને **એને પણ લગ્ન વિશે પૂછતો તો એ એમ મજાક કરીને વાત ટાળી દેતો કે કેમ તારાથી મારું સુખ જોવાતું નથી ?**

૨૦૧૩માં જ્યારે મેં જૂનાગઢની ૨૩ વર્ષની પ્રેક્ટિસ છોડી આશ્રમમાં પગ મૂક્યો, ત્યારે વટવૃક્ષ બની ગયેલી આ સંસ્થાને જોઇને હું અચંબિત થઈ ગયો.

અને એ અહોભાવમાં મારાથી સહજ સંબોધન થઈ ગયું: **"વિક્રમભાઇ!"**

એકાદ-બે વાર તો "ભાઈ" કશું ન બોલ્યા , પણ પછી ચહેરા પર કૃત્રિમ રોષ લાવીને કહ્યું: "આ શું ભાઈ-ભાઇ લગાડી રાખ્યું છે? ખાલી વિક્રમ બોલ!"

**આથી, આ લખાણોમાં જો હું તેમના નામનો ઉલ્લેખ વિક્રમ તરીકે કરું, તો તેને તેમનો અનાદર ન સમજતાં, મારા જૂના અને સહજ મિત્ર તરીકેનું કુદરતી સંબોધન સમજવા વિનંતી છે.**

મારી દસ-બાર બેડની હૉસ્પિટલનું સંચાલન કેવી રીતે કર્યું તે મારું મન જાણે છે; તો પછી આટલી મોટી સંસ્થાને આટલી ખૂબીથી સાચવવી અને તેનો ઉત્તરોત્તર વિકાસ કરવો એ કેટલું કપરું કાર્ય હશે!

મેં એકવાર આ વાત નો ઉલ્લેખ કરીને પૂછ્યું કે આટલી મોટી સંસ્થા તું કેમ સાંભળી શકે છે ?
તો કહે કે, કેમ મારી કંઇ ભૂલ થઈ ? 🙂

હું મિત્ર તરીકે આવ્યો, ફિઝિશિયન તરીકે જોડાયો અને ૧૨ વર્ષ રહ્યો, પણ તેમાં વિક્રમભાઈ એ મને મિત્ર તરીકે ક્યાંય ફેવર કરી નથી, અને મેં પણ તે લેવાનો ક્યારેય પ્રયત્ન કર્યો નથી.

**ફિલ્મ દીવારના એક ડાયલોગ મુજબ:**
**"जब एक भाई बोल रहा है, एक भाई सुन रहा है, मगर एक फिजिशियन बोलेगा तो चेयरमैन सुनेगा!"**

એવી એક આમન્યા એક પાતળી સીમારેખા - હંમેશા અમારા વચ્ચે ખેંચાયેલી રહી.



**મસ્તીખોર મિત્ર - તલસ્પર્શી અભ્યાસુ - ખંતીલો ખેડૂત - પર્યાવરણ પ્રેમી - યારોનો યાર :**

ઋતુ અનુસાર પોંક કે ફળફળાદિ આવે તો મને મોકલ્યા વગર ન રહે અને અંગત બાબતોમાં તો એની મજાક-મસ્તી પૂરબહારમાં ખીલે. મારી ખિલ્લી ઉડાડવામાં એ અનેરી મજા લે .

**એકવાર મને કહે: "તું અમારો Outstanding Physician છો." હું તો ખુશ થઈ ગયો કે અંતે તો મારી કદર કરી. પણ પછી તરત જ ચોખવટ કરી: "શબ્દનું આ રીતે વિઘટન કર: Out અને Standing! તું વારંવાર આશ્રમની બહાર હોય છે, એ સંદર્ભમાં કહી રહ્યો છું!"** 🙂

એનું દરેક વિષયમાં ઊંડું, તલસ્પર્શી જ્ઞાન અને એટલી જ ઊંડી સમજથી હું વારંવાર અભિભૂત થઈ જાઉં છું. આશ્રમમાં કોઈ પણ મશીન લાવતા પહેલાં, તેના દરેક પાસાઓનો અભ્યાસ કરીને તેના પર માસ્ટરી હાંસલ કરવાની એની ખૂબી ગજબની છે.

મેડિકલ ક્ષેત્રે જેટલો એનો અનુભવ, એટલો જ કૃષિ ક્ષેત્રે અને એટલો જ સૂર્ય અને બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે.

આ સંદર્ભમાં અહીં મારા મિત્ર શ્રી દીપકભાઈ ગઢિયાનો ઉલ્લેખ કરવો જરૂરી છે, જેઓ પોતાની ફેક્ટરી બંધ કરીને આશ્રમને સમર્પિત જીવન ગાળે છે અને સોલાર ક્ષેત્રે વિશ્વવિખ્યાત ઓથોરિટી ગણાય છે.

**मैं अकेला ही चला था जानिब-ए-मंज़िल मगर**
**लोग साथ आते गए और कारवाँ बनता गया —એમ ડૉ. વિક્રમની સફરમાં અનેક સેવાભાવી -સમર્પિત લોકો જોડાતા ગયા અને પોતાનું યોગદાન આપતા ગયા.**

આજે મુનિ સેવા આશ્રમ જે વિશ્વકક્ષાની સંસ્થા બની છે, તેની પાછળ એક જીદ્દી, સત્યપ્રિય, મસ્તીખોર અને અસાધારણ મિત્રની અદ્‌ભુત સફર છે - અને આ દાસ્તાને દોસ્તી - સેવા, સમર્પણ અને સિદ્ધાંતનિષ્ઠાનો જીવંત દાખલો છે.



**બે સાચા મિત્રો વચ્ચે કદી સમસ્યા**
**જન્મ લેતી નથી.**
**અહીં સાચા શબ્દ ઉપરથી ધ્યાન હટે નહીં,**
**એનું આપણે ધ્યાન રાખવાનું છે.**
**કહેવાતા મિત્રો તો**
**હજારો હોય,**
**પણ સાચા મિત્રો વચ્ચે લાખ મતભેદ**
**થવા છતાં કદીય ખટરાગ જન્મતો નથી,**
**કારણ કે સાચી મૈત્રીના કમળને-**

**હક, અપેક્ષા, શંકા અને અહંકારનો**
**કાદવ અડકી શકતો નથી-હક, અપેક્ષા, શક,**
**અહમના પંકની વચ્ચેથી જે,પદ્મ સમ નિર્મળ**
**અગળ ખીલી શકે એ પ્રેમ છે!**

**ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા**

આંખોમાં એવી પવિત્રતા જોવા મળે,
જાણે કોઇ ગોખમાં ઘીનો દીવો બળે



ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા

## **પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર : નારી શક્તિની એક બેજોડ મિસાલ !!**

સેવા અને સમર્પણની ઝળહળતી જ્યોત !

મેં તેમને સૌપ્રથમ પહેલી વખત ત્યારે જોયા, જ્યારે મારા મિત્રો સાથે હું મુનિ સેવા આશ્રમની ભૂમિ પર પ્રથમવાર પહોંચ્યો હતો.

સાવ દુબળું-પાતળું શરીર, કપાળે તેજસ્વી ચાંદલો અને દેહ પર ભગવી સાડી.

એકંદરે ભગવો દીપાવતું - સાદગી અને ત્યાગની પ્રતિકૃતિ જેવું વ્યક્તિત્વ !

**પરંતુ, જેવું તેમણે પોતાના પ્રેમાળ સ્વરમાં સઘળી લાગણીઓને ઝબકોળીને કહ્યું: "ભાઈ આવી ગયા!" ત્યારથી એ લાગણીભર્યો સ્વર મારા મનમાં કોતરાઈ ગયો. એ શબ્દોના પડઘા સતત પડતા રહેવાના હતા—અને આજે, વર્ષો પછી પણ એ અંતરઆત્મામાં સતત ગુંજે છે.**

તેમના વિશે ઘણું લખાઈ ચૂક્યું છે, તેથી એ દિવ્ય ગાથાનું પુનરાવર્તન નહીં કરું. ટૂંકમાં, પૂજ્ય મુનિ મહારાજના સંપર્કથી માંડીને ગોરજ ગામના આ સ્થળની પસંદગી સુધી, આજુબાજુના લોકોનો સહયોગ પ્રાપ્ત થતો ગયો.

તેમની અદ્‌ભુત સૂઝબૂઝથી સેવાની જરૂરિયાતના ક્ષેત્રો તેમણે શોધી કાઢ્યા. જાણે કે તેમને કોઈ સંકલ્પ-સિદ્ધિ મળેલી હતી, તે મુજબ કાર્યો થતાં ગયાં. અને આ યાત્રાને વેગ મળ્યો મારા મિત્ર ડૉ. વિક્રમ પટેલના સહયોગ - સમજણ - અને - અજોડ સમર્પણ થકી !.

**બહેન ની આંખો ને વિક્રમભાઈ ની પાંખો મળી,**
**જાણે, જે એન્જિન હતું,**
**તેને યોગ્ય ઇંધણ મળી ગયું !**



**ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા**

**દસ વર્ષે સંધાયું એક  અનુસંધાન :**

નેવુંના દાયકામાં પૂજ્ય શ્રી બેનનું  શ્રી ગોંધિયા ટ્રસ્ટ, રાજકોટ તરફથી સન્માન થવાનું હતું. એ દિવસોમાં હું જૂનાગઢમાં નવો-સવો સ્થાયી થઈ રહ્યો હતો અને તેની જાણ તેમને હતી.

મને એક દિવસ અચાનક મારા મિત્ર, ડૉ. વિક્રમ પટેલનો ફોન આવ્યો. ઔપચારિક વાતો પતાવ્યા બાદ તેણે કહ્યું કે અનુબેન મારી સાથે વાત કરવા માગે છે.
બીજી જ ક્ષણે ફોન પરથી એ ભાવુક અવાજ આવ્યો: **"ભાઈ, જૂનાગઢમાં છો?"**
મેં ભાવપૂર્વક કહ્યું: "હા જી!"
ત્યારે તેમણે જે વાત કરી તે મારા હૃદયને સ્પર્શી ગઈ: "અમે બધા રાજકોટ આવ્યા છીએ અને તમારે ત્યાં આવવા માગીએ છીએ."
મેં પણ રાજી થઈને એક શરત મૂકી: "જમ્યા સિવાય જવા નહીં દઉં!"

તેમણે સહર્ષ આ શરત સ્વીકારી. તેઓ આવ્યા, જમ્યા, ખુશ થયા અને મારા બાળકોને અંતરના આશીર્વાદ આપ્યા.

**છેક ૧૦ વર્ષના લાંબા ગાળે પણ અમને યાદ રાખીને મળવા આવ્યા, એનો અમને ખૂબ જ આનંદ થયો. અમે ભાવુક થયા.**

૧૯૮૨ના સંબંધનું અનુસંધાન લગભગ ૧૯૯૨ કે ૯૩માં તેમણે સાધ્યું. તે મુલાકાતની ઊંડી અસર અમારા હૃદય પર અંકિત થઇ.



**સેવાયાત્રાનું ઝળહળતું શિખર: કૈલાશ કેન્સર હોસ્પિટલ, મુનિ સેવા આશ્રમ !!**

આશ્રમના વિકાસની યાત્રાનું વર્ણન ડૉ. વિક્રમભાઇ પાસેથી અનેક વાર સાંભળ્યું છે. તેનો એક જ સાર છે: આજુબાજુના લોકોની જરૂરિયાત મુજબના ક્ષેત્રમાં આશ્રમે એક પછી એક કામ પર ધ્યાન આપ્યું.

મજૂરી પર જતાં દંપતીનાં બાળકોને દિવસભર ઘોડિયાઘરમાં સાચવવાથી શરૂ થયેલી આ યાત્રા આજે માનવસેવાના ઉત્કૃષ્ટ શિખર પર પહોંચી છે - અને એ શિખરનું નામ છે: કૈલાશ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટર.

અહીં ૪૦૦ બેડની અત્યાધુનિક હોસ્પિટલ , કેન્સરની સારવારની તમામ સુવિધાઓ એક જ છત નીચે મળી રહે તેવું આયોજન છે.

KAILASH
CANCER HOSPITAL
& RESEARCH CENTRE

ડે-કેર કિમોથેરાપીનું સૌથી મોટું સેન્ટર, અતિ આધુનિક મશીનો દ્વારા રેડિયોથેરાપી, તમામ પ્રકારની સર્જરી, બોન મેરો ટ્રાન્સપ્લાન્ટેશન, અધ્યતન લેબોરેટરી અને વિશેષમાં, પરવડે તેવી લેટેસ્ટ કાર-ટી થેરાપીની સુવિધાનો સમાવેશ થાય છે.

આ માત્ર એક હોસ્પિટલ નથી, પણ લાખો દુખીયારાઓને આશા, આરોગ્ય અને આનંદની અનુભૂતિ કરાવતું સ્થાનક છે.

જોકે, આ હોસ્પિટલ તો આશ્રમના અનેક પ્રકલ્પો પૈકીનો માત્ર એક ભાગ છે.

શિક્ષણ, સામાજિક કલ્યાણ અને ઉત્થાન તેમજ સંસાધન સંવર્ધનને લગતા બીજા અનેક પ્રકલ્પો આશ્રમની છત્રછાયા હેઠળ વિકસ્યા છે:

**15 ઘોડિયાઘર:** સેવાની શરૂઆતનો મૂળ આધાર.

**ભગિની મંદિર:** મનોદિવ્યાંગ દીકરીઓ માટે પુનર્વસન અને આવાસ કેન્દ્ર.

**વાનપ્રસ્થ મંદિર:** જીવનસંધ્યા એ ઉભેલા વડીલોનું માવજતપૂર્ણ ગરિમામય આશ્રય સ્થાન.

**શારદા મંદિર:** બક્ષીપંચનાં બાળકો માટેની શિક્ષણ સંસ્થા.

**વિવેકાનંદ શાળા:** ઉચ્ચતર માધ્યમિક શાળા.

**એકલવ્ય સ્કૂલ:** અંગ્રેજી ભાષામાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણનું ઉત્તમ માધ્યમ.

**રામકૃષ્ણ સ્કૂલ:** અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા.

**VTC (વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર):** આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારના યુવાનોને પગભર બનાવતું તાલીમ કેન્દ્ર.

**અતિથિ મંદિર :** કેન્સરની લાંબી સારવાર વખતે દર્દી અને તેના પરિજનોને રહેવા જમવાની સગવડ આપતું શાંતિસ્થાન.

**નવીન અને નવીનીકરણીય ઉર્જા ના વિવિધ પ્રકલ્પો:** હોસ્પિટલ અને આશ્રમની જરૂરિયાત માટે સોલાર અને બાયોગેસ, થર્મલ પાવર પ્લાન્ટ. અહીં સ્થપાયેલી વિશ્વની સૌથી મોટી સોલર ડિશ—બિગ ડિશને ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે.

**ઓર્ગેનિક ફાર્મ:** 1000 એકરનું વિશાળ જૈવિક ખેતી કરતુ ફાર્મ, જે આશ્રમની રોજિંદી જરૂરિયાત સંતોષવા ઉપરાંત પોતાના ઉત્પાદનોનું વેચાણ પણ કરે છે.

**ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ:** પોતાની હૉસ્પિટલ માટે અને દેશ-વિદેશ માટે ઉત્તમ નર્સિંગ સ્ટાફ પૂરો પાડતી અધ્યતન સંસ્થા જ્યાં ANM , GNM અને Bsc નર્સિંગના અભ્યાસક્રમો ચાલે છે.

**ગૌશાળા:** ગીર ઓલાદની ગાયોનું સંવર્ધન કરતી ઉત્તમ સંસ્થા

વનકુવા પરિસર ખાતે 7 એકરમાં ફેલાયેલ માનવ સર્જિત વન જે આજે કેટલાયે પ્રાણી, પક્ષી અને પતંગિયાઓથી મહેકે ચહેકે છે.

ઉત્તર ગુજરાત અને રાજસ્થાન - મધ્યપ્રદેશના કેન્સરના દર્દીઓ માટે પાલનપુર ખાતે નવી કેન્સરની હોસ્પિટલનું કામ ચાલુ છે.

આ માત્ર થોડાક સીમાચિહ્નોની વાત થઈ.



**વિક્રમ અને વિકાસ  - જાણે એક સિક્કાની બે બાજુ !**

**પ્રવાસ હજી ચાલુ છે.**
**અને એ ચાલુ જ રહેવાનો છે.**
**મંઝિલને પેલે પાર!**
**સતત ...અવિરત !**

**સેવાની પ્રવત્તિ ને**
**ભેખધારી ભેટે પછી**
**એને ભવ્યતા સાંપડે!**

**ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા**

**તારીખ: ૧૩ ફેબ્રુઆરી ૧૯૮૩.**

**એ દિવસે જાણે સોનામાં સુગંધ ભળી!**

માખણના લોંદામાં છરી ઉતરી જાય એમ એમના મન - મસ્તિષ્કમાં એક વાત ઉતરી ગઈ. અનુબેનના ભાવાગ્રહ અને અંતરના અવાજને અનુસરીને ડૉ. વિક્રમભાઇ આશ્રમમાં સમર્પિત થઈ પૂર્ણ સમયના ડૉક્ટર તરીકે જોડાયા. પરંતુ પછીથી સમયના વહેણ સાથે ધીમે ધીમે ડૉક્ટરીની સાથે સાથે , તેમના વ્યક્તિત્વના એક પછી એક અનેક અણમોલ પાસાઓ ખૂલતા ગયા અને ખીલતા ગયા.

દેહગામમાં જન્મ, અસલાલીની માટીમાં બાળપણ અને પિતાશ્રીની પરિવર્તનશીલ નોકરીને કારણે ગુજરાતના અનેક ગામડે ગામડે ફરતું શૈશવ તથા શિક્ષણ — આમ જાણે તેમણે સાત કૂવાના પાણી પીધા હતા!

જ્યારે તેઓ આશ્રમની ભૂમિ પર આવ્યા, ત્યારે દેવ નદી ખળખળ વહેતી હતી. આ નદીના પ્રવાહની સાથે જાણે ડૉ. વિક્રમભાઈના વ્યક્તિત્વમાં પણ કંઈક અનર્ગળ વહેવાનું શરૂ થયું—અને એ હતું તેમનું નિત્ય વહેતું રમૂજ અને નિર્મળ હાસ્યનું ઝરણું...

**જીવનનો મકસદ મળવો, દરરોજ સવારે ઉઠીને એ મકસદ માટે કામ કરવાની ઈચ્છા થવી, લક્ષ્યપૂર્તિના નાના નાના ચરણો જેવું કામ હાથ પર હોવું અને પાછી એ કામ આનંદપૂર્વક કરવાની ધગશ હોવી - આટલું જો તમારી પાસે હોય તો એને ઈશ્વરના આશીર્વાદ સમજવા. દિવસાંતે ગમતા કામ પાછળ થાકીને લોથપોથ થઇ નિંદ્રાદેવીને શરણે જવું એને પરમસુખ જાણવું.**

"હું એવી વ્યક્તિ પર કદી વિશ્વાસ નથી કરતી જે હસતી જ નથી." માયા એન્જેલોનું આ વાક્ય કેટલું યથાર્થ છે! કારણ કે જે વ્યક્તિ ખરા દિલથી હસી નથી શકતી, તેનામાં આનંદ, સહાનુભૂતિ કે સંબંધ જોડવાની ઇરછાનો અભાવ હોય છે. પણ ડૉ. વિક્રમભાઈનું નિર્ભેળ હાસ્ય અને અદ્વિતીય રમૂજવૃત્તિ કોઈપણ અજાણ્યા માનવીને ક્ષણમાં પોતાની સાથે જોડી દે છે.

**કેન્સર હોસ્પિટલનો પડકાર**

વર્ષ ૧૯૯૭ના સમયગાળામાં જીવનનો મોટો પડકાર આવ્યો, જેનું બજેટ હતું અધધધ ૯૦ કરોડનું—એવી ભવ્ય કેન્સર હૉસ્પિટલનો પ્રોજેક્ટ. જ્યારે આ ભગીરથ કાર્યની શરૂઆત કરવાની વાત આવી, ત્યારે **અનુબેનના શ્રધ્ધાભર્યા ચાર શબ્દો, "આગળ વધો, થઈ જશે." એ જ સધિયારો આપ્યો**.અને તેમના આશીર્વાદ ફળ્યા! ૨૦૦૧ સુધીમાં તો એ હૉસ્પિટલ સેવાનો ધમધમાટ શરૂ કરી ચૂકી હતી. ત્યારથી એક પછી એક અન્ય પૂરક વિભાગો તથા સેવાઓના ઉત્તમ ફૂલો ખીલતા ગયા.

નડિયાદનું શ્રી સંતરામ મંદિર, રાષ્ટ્રીય સંત શ્રી સચ્ચિદાનંદજી મહારાજ, પૂજ્ય શ્રી મોરારિબાપુ—એમ અનેક સંતોના આશીર્વાદ અને સહયોગનો પ્રવાહ સતત વરસતો રહ્યો. આજે મુખ્ય કૅમ્પસ ૨૮ એકરનો છે અને મુનિ આશ્રમનો કુલ વિસ્તાર લગભગ ૨૨૫ એકરમાં ફેલાયેલો છે.

બહારના ભૌતિક વિસ્તારની સાથે સાથે, વિક્રમભાઈની અંદર (આત્મામાં) પણ કંઈક વિસ્તરતું જતું હતું.

મા-બાપ પાસેથી વારસામાં મળેલી કરુણા ઉપરાંત, વાંચનના ગાઢ શોખે તેમના વ્યક્તિત્વને વધુ ઊંડાણ આપ્યું. સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો, અમેરિકન લેખિકા ડૉરિસ લેસિંગના "ધ ગ્રાસ ઇઝ સિંગિંગ"નો ગુજરાતી અનુવાદ "એકલની પગદંડી", વિક્ટર હ્યુગોની "લે મિઝેરાબ્લ" ( દુખીયારા ) જેવી મહાન કૃતિઓએ તેમના મન પર ગહન અને અમીટ અસર કરી.

નાનપણમાં આહવા-ડાંગ તથા ગીર-તલાલાના જંગલો વચ્ચે રહેવાનો લાભ મળ્યો, જેના કારણે તેમનો ગ્રામ્ય જીવન સાથેનો લગાવ માત્ર લાગણી ન રહેતા જીવનશૈલી બની ગયો.

તેઓ પોતાને દુનિયાનો સૌથી ભાગ્યશાળી માણસ માને છે—કારણ કે જમવાની કે સૂવાની ચિંતા કદી નથી કરવી પડી, અને સવારે ઊઠીને કામ હમેશાં તૈયાર હોય છે. રોજ સવારે તેઓ નિયમિત રીતે ખેતીકામ કરવા નીકળી પડે છે અને ૧૯૯૮થી ૮૦૦ એકરમાં સંપૂર્ણ ઑર્ગેનિક ખેતી કરે છે.

તેઓ સહજ ભાવે, કોઈ ભાર વિના કહે છે:

**"હું સેવા નથી કરતો. ગામડું મને ગમે છે એટલે અહીં રહું છું. ન ગમતું હોત તો ક્યારનો ભાગી ગયો હોત. પરાણે પ્રિત ન થાય અને પરાણે થાય તે ટકે નહીં."**


“
ખુલ્લાં ખેતર અડખે પડખે
માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું
ક્યાં છે આવો લાભ?
ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા

જે કરે છે તેમાં તેમને કોઈ ભાર નથી લાગતો, કારણ કે જ્યાં ભાર હોય ત્યાં સાથોસાથ અહંકાર જોડાઈ જાય છે. **"હું કરું છું" અને "મારા માધ્યમથી થાય છે" – આ સૂક્ષ્મ ભેદ તેઓ સારી પેઠે પારખી ગયા છે.**

### આશ્રમના નીતિમૂલ્યો

અનુબેન અને ડૉ. વિક્રમભાઈનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે: જ્યાં જરૂર હોય ત્યાં સમાજ આપવાનો જ છે. સમાજ ન આપે, તો એ સેવાની સમાજને જરૂર નથી એમ સમજીને એ પ્રોજેક્ટ બંધ કરી દો. અથવા બીજું કારણ એ છે કે સમાજને તમારા પર વિશ્વાસ નથી, અને જો એમ હોય તો પોતાનામાં સુધારો કરો.

તેમનો બીજો અદ્ભુત વિચાર: બધાં કામ ટ્રસ્ટી મંડળમાં સર્વસંમતિથી કરવાં, બહુમતીથી નહીં. કારણ કે ક્યારેક સાચો માણસ લઘુમતીમાં હોય છે. ઉપરાંત, આ નિયમ થકી બહુમતીની રાજનીતિ અને ખેંચતાણથી બચી શકાય છે.

એમની એક વાત જે હંમેશા યાદ રાખવા જેવી છે:

“તમારી સમજમાં નથી એટલે એ વસ્તુ નથી એવું નથી. કદાચ તમારી સમજ ઓછી પડતી હોય.”

### સેવાની અસ્ખલિત સરવાણી

આગળનું સ્વપ્ન? આત્મનિર્ભર ગામ ઊભાં કરવા મદદનો હાથ લંબાવવો—કે જ્યાં નાની મોટી જરૂરિયાતો ગામના સ્તરે જ પૂરી થઈ જાય, ગૌવંશની હોસ્ટેલ ઉભી કરવી, ખેડૂતો માટે ખેતપેદાશોનું મૂલ્યવર્ધીત માળખું ઉભું કરવું,

આશ્રમનો નીતિમંત્ર સ્પષ્ટ છે: મફતમાં કશું જ નહીં. વ્યક્તિ પોસાય અને પરવડે તેટલું આપે—પણ સારવાર અવશ્ય મળશે; સારવાર વગર કોઈ પાછું નહીં જાય.

આજે આશ્રમ લીલો છમ્મ છે.

દેવ નદીમાં પાણી ભરપૂર છે, કોઈ તરસ્યું નહીં જાય—એ પૂજ્ય મુનિ મહારાજ અને અનુબેનની ચેતનાનો પ્રતાપ છે, જે ડૉ. વિક્રમભાઈના નિઃસ્વાર્થ પુરુષાર્થ થકી વહેતો રહે છે.

**અંતઃકરણપૂર્વકની એકધારી આરાધના ક્યારેય અફળ જતી નથી.**



આગળ વાત થઈ એ મુજબ, ડૉ. વિક્રમના જીવનને ઘડવામાં કેટલાક પુસ્તકોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, અને મહાન લેખક વિક્ટર હ્યુગોનું ક્રાંતિકારી સર્જન **"લા મિઝરેબલ"** (Les Misérables) તેમાં શીર્ષસ્થાને છે. લગભગ નવમા ધોરણની કાચી ઉંમરે તેમણે આ મહાન કૃતિનો પ્રથમ પરિચય કર્યો, અને ત્યારથી આજ દિન સુધી આ પુસ્તક તેમનો કાયમી સાથી રહ્યું છે; દર વર્ષે એકવાર તેનું પઠન કરવું એ જાણે તેમના જીવનનો નિયમ બની ગયો છે.



આ કૃતિ માત્ર જીવનની સુખાકારી (કલ્યાણ)ની નહીં, પણ **આત્માના કલ્યાણ**ની કથા છે. પાપ સામે પ્રાયશ્ચિતભર્યું પ્રતિક્રમણ કેવી રીતે કરવું, અને જાતે જ પોતાના શિક્ષક અને ચોકિયાત કેવી રીતે બનવું—એનો સંદેશ આપતું આ પુસ્તક વાંચ્યા પછી વાચક માત્ર વધુ સારો ભાવક જ નહીં, પણ **વધુ સારો માણસ** બની શકે છે.

હ્યુગોની આખી મહાગાથા અભાવ અને અધૂરપથી છલોછલ છે, જેમાં ભાગ્યે જ કોઈ પાત્રને કશું સંપૂર્ણ મળે છે. પરંતુ તેમના **પ્રેમ ખાતરનું બલિદાન** જ તેમને સામાન્ય મનુષ્યમાંથી 'હીરો' બનાવે છે. કોઈ દીકરી ખાતર, કોઈ સિદ્ધાંત ખાતર, કોઈ એકતરફી ચાહનામાં કુરબાની તો કોઈ ક્રાંતિ ખાતર, કોઈ પ્રેમ અને ક્ષમાના આદર્શ ખાતર પોતાનું સર્વસ્વ હોમી દે છે.

આ કથામાં લેખકે માત્ર **નરી સારપની સાકર**ને બદલે જીવનના વાસ્તવિક વિચારો અને નૈતિક દ્વિધાને રમતી મૂકી છે.

વાર્તા દરમિયાન લેખક હ્યુગોએ જે ક્રાંતિકારી વિચારોના મણકા વેર્યા છે, તે ડૉ. વિક્રમ સહિત ઘણા વાચકોના હૃદયમાં ઊંડી છાપ છોડી જાય છે:

- "દુનિયામાં સિવિલ વૉર કે ફોરેન વૉર જેવા યુદ્ધો નથી, માત્ર **ન્યાય માટેનું યુદ્ધ** અને **અન્યાય સામેનું યુદ્ધ** હોય છે."
- "ઊંચે ઉડવાથી પડવાની શક્યતાઓ ખતમ નથી થઈ જતી, બલકે તે તો **વધતી** જતી હોય છે!"
- "ગ્રહોની જેમ માણસોને પણ ગ્રહણ લાગતું હોય છે, પણ પ્રભાતની જેમ એમનો ય **પુનરાવતાર** શક્ય છે, અને એ ગ્રહણમાંથી મુક્ત થઈ ધારે તો ફરી **ઝળહળી** શકે છે."
- "પ્રભુ જેને **પ્રેમ અને પીડાની ભેટ** આપે છે, એ આત્મા જ સૃષ્ટિનું પરમ સત્ય પામી શકે છે."
- "માણસના મનને પારખવું હોય તો એના **સપનાઓ** પર નજર નાખો."
- "આપણી આસપાસ બોલવાવાળી ઘણી જીભો છે, પણ **વિચારવાવાળા માથાં** બહુ થોડા છે."
- "આવતીકાલ (આશા)ને નકારવાનો એક જ માર્ગ છે: **મૃત્યુ!**"

પત્તે પત્તે ઝકડી રાખનારી અને જીવનમાં ક્રાંતિકારી બદલાવ લાવનારી આ મહાન કૃતિમાંથી વીણેલી આ **મીશરીની કાણિકાઓ** મમળાવવા માટે અહીં મૂકી છે.

સમય મળે તો, ડો વિક્રમનું આ ગમતું પુસ્તક – **"લા મિઝરેબલ"** – આખું વાંચી જજો.



“

**એક એવો આદમી સધ્ધર મળ્યો**
**જેના સરનામે મને ઈશ્વર મળ્યો !!**



**ડૉ સુરેશ કુબાવત ની મૈત્રીગાથા**

કોઈને સાચા દિલથી પ્રેમ કરવો
એટલે જાણે ભગવાનના દર્શન કરવા...

જેટલી ઘેરી કાળી રાત હોય,
પછી એટલું જ સુંદર
પરોઢ આવશે,
સૂરજ ફરી નવી આશાનાં
કિરણો લઈને ઊગશે જ.

મૃત્યુ તો કશું જ નથી,
ડરામણું છે જીવ્યા વિના જીવવું.
જીવન જીવતા ન આવડે એ જ મોત છે.

પ્રેમની ઓળખ શી છે?

માર્ગે મળ્યો મુજને એક યુવાન ફકીર,
જેના પ્રાણમાં પ્રીતિનો સાગર હતો.
ટોપી હતી જૂની, અંગરખો જીર્ણ,
પગરખાંમાંથી પાણી નીતરતું;

હા, પણ તેના આત્માની આરપાર
સિતારાઓ ઝળહળતા હતા."

તમને કોઈ સાંભળે નહીં
એનો એ મતલબ નથી કે મૌન રહેવું.

હાસ્ય એટલે જાણે
આશાનું કિરણ,
જે માણસના ચહેરા પર છવાયેલી
ઉદાસીની ઠંડી શુષ્કતાને
પળમાં ઉડાડી દે છે.

**આંસુ વગર
હૃદયની આરપાર જોવાની
દ્રષ્ટિ કે સમજ પામી
શકાતી નથી.**

ચાહવું કે પછી
કોઈનો પ્રેમ પામવો,
બસ એટલું જ જીવનનું
પરમ સત્ય છે.
વધુ કશાની ઝંખના ન કરવી.
જીવનની ઘેરી અંધારી ગર્તા માં
આનાથી મૂલ્યવાન બીજું
કોઈ રત્ન છુપાયેલું નથી.

હે પ્રેમથી પીડાતા માનવી,
તું હજી વધુ પ્રેમ કર.
પ્રેમમાં ખપી જવું,
એ જ પ્રેમ થકી અમર
થઈ જવું છે.

જો વાણી વહાવું,
તો શિક્ષા નક્કી છે;
અને જો મૌન ધારણ કરું,
તો આત્મા શાપિત થશે!

ખરા અર્થમાં
જીવન ન જીવવું એ
દેહના અંત આવવા
કરતાંયે વધારે
ભયંકર છે.

ભવિષ્યનું સર્જન કરવા માટે,
સ્વપ્ન કરતાં મોટી બીજી કોઈ
પ્રેરક શક્તિ નથી

પ્રેમમાં કોઈ મધ્યમ માર્ગ નથી;
તે કાં તો સર્વનાશ કરે છે,
કાં તો મોક્ષ આપે છે.
સમગ્ર માનવ નિયતિ આ જ દ્વિધા છે.
પ્રેમ કરતાં વધુ નિર્દયતાથી કોઈ
ભાગ્ય આ સંકટ રજૂ કરતું નથી.
જો પ્રેમ મૃત્યુ ન હોય, તો તે જીવન છે.
પારણું પણ તે જ અને કબ્રસ્તાન
પણ તે જ. એક જ ભાવના
માનવ હૃદયમાં 'હા' અને 'ના' કહે છે.
ભગવાને બનાવેલી વસ્તુઓમાં,
માનવ હૃદય જ એક એવું છે જે
સૌથી વધુ પ્રકાશ પાથરે છે,
અને અરે રે! સૌથી વધુ અંધકાર
પણ ફેલાવે છે.

અજ્ઞાનીઓને જ્ઞાનનો
પ્રકાશ પમાડો; મુક્ત - મફત
શિક્ષણની વ્યવસ્થા ન કરવા
બદલ સમાજ સૌથી વધારે દોષી છે
અને આ સર્જેલી અંધારી રાતનો
હિસાબ સમાજે જ ચૂકવવો પડશે.
જો આત્મા અંધકારમાં રહેશે,
તો પાપ થશે જ. પાપ કરનાર નહીં,
પણ તે અંધકારને જન્મ આપનાર
જ ખરો ગુનેગાર છે.

તમે પૂછો છો કે મને
બોલવા માટે કઈ શક્તિ
વિવશ કરે છે? તો સાંભળો—
એ શક્તિ બીજું કોઈ નહીં
પણ મારું અંતઃકરણ છે.

ફરવા માટે એક બગીચો અને સ્વપ્ન જોવા માટે
શક્યતાઓનું અનંત આકાશ—આનાથી વધુ કોઈ શું માંગી શકે?
ધરા પર થોડાક ફૂલો, અને આભમાં ચમકતા તારલા !

વિચારમગ્ન પુરુષ નિષ્ક્રિય નથી હોતો.
મહેનત બે પ્રકારની હોય છે:
એક દેખાય એવી શારીરિક મહેનત,અને
બીજી ન દેખાય એવી માનસિક મહેનત.

આપણે કોઈને
ચાહીએ છીએ અને
કોઈ આપણને ચાહે છે,
આ વિશ્વાસ જ જીવનનું
પરમ સુખ છે.

જેમ આંખની કીકી અંધકારમાં
વિસ્તરે છે અને અંતે પ્રકાશને પામે છે,
તેમ આત્મા દુ:ખ અને વિપત્તિમાં
વિસ્તરીને આખરે પરમાત્માને પામે છે.

તેમને પુસ્તકો ખૂબ ગમતાં,
કેમકે તે શાતાદાયક,અને કાયમી વિશ્વાસપાત્ર
મિત્રો હોય છે.

પ્રેમ વંચિત મૃત્યુ એ કઠોર યાતના છે;
જાણે આત્માનું ગૂંગળાઈ જવું,
જાણે પ્રાણનું થંભી જવું !



આત્મા
શરીરને ટેકો આપે છે,
અને કપરા સમયે તેને ઊંચે
પણ ઉઠાવે છે. આત્મા જ એકમાત્ર
એવું પંખી છે, જે પોતાના
પિંજર (દેહ) ને પોતે જ
ટકાવી રાખે છે.

ભવિષ્યના ઘણા નામો છે:
નબળા માટે તે 'અશક્ય' છે;
ડરપોક માટે તે ' અજ્ઞાત ' છે;
પણ શૂરવીર માટે તો તે માત્ર
'આદર્શ' જ હોય છે.

ગરીબ વર્ગની પીડા
અને દુઃખનાં ભંડારની
સરખામણીએ તેને પહોંચી
શકે તેવી ઉચ્ચ વર્ગની
માનવતા ઓછી જ પડે છે.

પીડા અને યાતનાના
નરક કરતાં પણ ભયંકર બીજું કંઈક છે—
અને તે છે જીવનમાં છવાયેલ કંટાળાનું
નિષ્ક્રિય નરક.

જો આત્મા
અંધકારમાં રહેશે,
તો પાપ થશે જ. પાપ કરનાર નહીં,
પણ તે અંધકારને જન્મ આપનાર
જ ખરો ગુનેગાર છે.

ચાલો,
માત્ર એક દિવસનું
સમર્પણ કરીએ,
જેથી કદાચ આખું જીવન
સાર્થક કરી શકાય.

જીવનના નાનામાં
નાના સંઘર્ષોમાં પણ
અનેક મહાન અને અદ્રશ્ય
પરાક્રમો રચાય છે.

તેની સામે બે સીધા રસ્તા હતા;
પરંતુ બે માર્ગો જોવાથી જ તે ફફડી ઊઠ્યો—
કારણ કે તેણે જીવનભર એક જ સીધી રેખા
સિવાય કશું જોયું નહોતું.
અને આનાથી મોટી કડવી પીડા શી?
કે આ બંને માર્ગો એકબીજાના
વિરોધી હતા.

જેમ હીરા પૃથ્વીના
ઘેરા અંધકારમાંથી મળે છે,
તેમ જીવનના સત્યો પણ
વિચારની ગહન ઊંડાઈમાંથી
જ પ્રાપ્ત થાય છે.

જો મનુષ્યો એકબીજાને ચાહે નહીં,
તો મને ખરેખર સમજાતું નથી કે
જગતમાં વસંત ઋતુના શું પ્રયોજન છે.
પ્રેમ જ વસંતની સુંદરતાને સાર્થક કરે છે.

મનુષ્યને શ્રદ્ધાની
જરૂર છે;
ધિક્કાર છે તે વ્યક્તિ પર,
જે કશામાં વિશ્વાસ કે
આસ્થા ધરાવતો નથી!

ખેતરમાં કોઈ બિનજરૂરી
નીંદણ નથી, અને મનુષ્યોમાં
કોઈ નકામો માણસ નથી.
માત્ર માવજત કરનાર ખેડૂતો જ
ખરાબ હોય છે.માણસ ખરાબ
નથી હોતો, તેને ઉછેરવાની
પદ્ધતિ ખોટી હોય છે.

**MSA - KCHRC ની વિકાસયાત્રા મુખ્ય સીમાચિહ્નોનો આ રહ્યો સંક્ષિપ્ત સારાંશ .**

* ૨૦૦૧: ભારતની પ્રથમ સંકલિત બ્રેકિથેરાપી યુનિટ સ્થાપિત થઈ.

* ૨૦૦૧: ભારતમાં પ્રથમ વખત રેડિયોથેરાપીમાં ઇન-વિવો ડોઝિમેટ્રી શરૂ કરવામાં આવી.

* ૨૦૦૧: હિસ્ટોપેથોલોજી લેબમાં ઓટોમેટેડ સ્ટેઇનર ઉમેરાયું.

* ૨૦૦૧: મિની વિદાસ પર ઇમ્યુનોએસે અને વાયરલ માર્કર્સ (ELFA/CLIA) શરૂ કરવામાં આવ્યું.

* ૨૦૦૭: ગુજરાતનું પ્રથમ ફુલ ફિલ્ડ ડિજિટલ મેમોગ્રામ (FFDM) અને સ્ટીરિયોટેક્ટિક બાયોપ્સીની ફેસિલિટી ઉમેરવામાં આવી.

* ૨૦૦૭: એન્ડોસ્કોપિક અલ્ટ્રાસાઉન્ડ (EUS) લીનિયર અને સર્ક્યુલર પ્રોબ સાથે ઉમેરાયા.

* ૨૦૧૦: ગુજરાતનું પ્રથમ PET-CT ઇન્સ્ટોલ થયું.

* ૨૦૧૦: ૧૦ મોડ્યુલર ઓટી, ICU અને બીજું લીનિયર એક્સિલરેટર + અને ICU નું વિસ્તારણ કરવામાં આવ્યું.

* ૨૦૧૪: હિમેટોલોજીને ૩-પાર્ટથી ૫-પાર્ટ CBC એનાલાઇઝર (Beckman Coulter) પર શિફ્ટ કરવામાં આવ્યું.

* ૨૦૧૪: ત્રીજું TrueBeam લીનિયર એક્સિલરેટર ઇન્સ્ટોલ કરવામાં આવ્યું.

* ૨૦૧૫: ભારતનું છઠ્ઠું અને ગુજરાતનું સૌથી અધતન TrueBeam HD IGRT વેરિઅન્ટ ઇન્સ્ટોલ થયું.



* ૨૦૧૬: ફ્લો સાઇટોમેટ્રી લેબ શરૂ કરવામાં આવી.

* ૨૦૧૬: પૂર્ણ ક્લિનિકલ રિસર્ચ વિભાગ સ્થાપિત થયો.

* ૨૦૧૬: બ્લડ બેન્કમાં એફેરેસિસ યુનિટ અને પ્લેટલેટ જુદા પાડવાની (Trima Accel for SDP) સુવિધા ઉમેરાઇ.

* ૨૦૧૬: બાયોસેફ્ટી અને લેમિનાર એરફ્લો સાથે માઇક્રોબાયોલોજી લેબનું સંપૂર્ણ ઓટોમેશન કરવામાં આવ્યું.

* ૨૦૧૭: ગુજરાતનું પ્રથમ ગામા કેમેરા SPECT CT CO2 લેસર સંસ્થાએ વસાવ્યું.

* ૨૦૧૭: વિશ્વનું ૫મું અને ભારતનું પ્રથમ મોનોન્યુક્લિયર સ્ટેમ સેલ હાર્વેસ્ટ પર RT પ્લાનિંગ શરૂ કરવામાં આવ્યું.






* ૨૦૧૮: બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ માટે મોનોન્યુક્લિયર સેલ હાર્વેસ્ટ યુનિટ (Spectra Optia) સેટ અપ કરવામાં આવ્યું.

* ૨૦૧૭-૧૮: ગુજરાતનું પ્રથમ સાયક્લોટ્રોન અને ગુજરાતની હોસ્પિટલોને FDG તથા અન્ય આઇસોટોપ સપ્લાય કરવાનું શરૂ કર્યું.

* ૨૦૧૮: HIPEC મશીન (હાઇપરથર્મિક ઇન્ટ્રાપેરિટોનિયલ કીમોથેરાપી) ની સુવિધા ઉમેરવામાં આવી.

* ૨૦૧૮: ગામા કેમેરા અને PET-CT નું ઇન્સ્ટોલેશન કરવામાં આવ્યું.

* ૨૦૧૯: રેડિયો આયોડિન થેરાપી વોર્ડ શરૂ કરવામાં આવ્યો.

* ૨૦૧૯: હિમેટોલોજીને ૫-પાર્ટથી ૬-પાર્ટ CBC એનાલાઇઝર પર શિફ્ટ કરવામાં આવ્યું.

* ૨૦૧૯: Vitros 5600 (બાયોકેમિસ્ટ્રી + ઇમ્યુનોએસે + ટર્બિડોમેટ્રી) ઉમેરાયા.

* ૨૦૧૯: ઇન્ફેક્શન અને ઓન્કોલોજી માટે મોલેક્યુલર લેબ શરૂ કરવામાં આવી.

* ૨૦૧૯: ૮ ડેડિકેટેડ બેડ સાથે બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ વિભાગ શરૂ કરવામાં આવ્યો.

* ૨૦૧૯: ગુજરાતનું સૌથી મોટું ૮૫ બેડ ડે-કેર કીમો થેરાપી સેન્ટર શરૂ થયું.

* ૨૦૨૦-૨૧: નવી હોસ્પિટલ ઇમારત – કુલ ૪૫૦ + ૮૫ ડે-કેર કીમો બેડ સાથે.

* ૨૦૨૧: બ્રેકીથેરાપી ગામા મેડ વેરિઅન્ટ શરૂ કરવામાં આવ્યું.

* ૨૦૨૩: ઓન્કોલોજી જનિટિક્સ માટે સાયટોજેનેટિક લેબ શરૂ થઇ.

* ૨૦૨૩: વિશ્વનું સૌથી મોટું અને અસરકારક સોલર કોન્સન્ટ્રેટર (રસોઈ, લોન્ડ્રી અને CSSD વિભાગ માટે) બિગ ડીશ ના નામે ઇન્સ્ટોલ થયું.

* ૨૦૨૩: VTC ( વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર) કેમ્પસ હોસ્પિટલથી ૧ કિ.મી. મગનપુરા ખાતે શરૂ થયું.

* ૨૦૨૪: CT સિમ્યુલેટર નું ઇન્સ્ટોલેશન કરવામાં આવ્યું.

* ૨૦૨૪: નર્સિંગ કોલેજ (લેબ, ફેકલ્ટી અને ઓડિટોરિયમ સાથે) કાર્યરત થઇ.

* ૨૦૨૪: હોસ્પિટલને NABH એક્રેડિટેશન મળ્યું.

* ૨૦૨૪: રિસર્ચ માટે ટીસ્યુ સંરક્ષણ બાયો રિપોઝિટરી લેબ બનાવવામાં આવી.

* ૨૦૨૪: જૂના PET-CTની જગ્યાએ નવું ડિજિટલ PET-CT લેવામાં આવ્યું.

* ૨૦૨૪-૨૫: ભગિની મંદિરની (માનસિક રીતે દિવ્યાંગ દીકરીઓ માટે) નવી ઇમારત વધુ સંખ્યાના સમાવેશ માટે બાંધકામ હેઠળ છે.

* ૨૦૨૪-૨૫: CAR-T Cell (અત્યાધુનિક ઇમ્યુનોથેરાપી) થેરાપી શરૂ કરવામાં આવી.



**ઉદાસી, વેદના ને ભય! તમે સરનામું બદલો ભઈ,**
**મેં મિત્રોની દુઆઓથી મઢ્યું તાવીજ પહેર્યું છે.**



**વિકાસની કાતર વડે કદાચ  શહેરોથી મનુષ્યોને પ્રકૃતિ સાથે જોડતી નાળ કપાઈ ગઈ છે. જીવનની આપાધાપી અને ઉથલપાથલો વચ્ચે શાંતિ અને સુખ પ્રાપ્ત કરવાનો એકમેવ ઉપાય છે પ્રકૃતિ સાથેની કપાઈ ગયેલી ગર્ભનાળ સાથે પુનર્સંધાન કરવું. કુદરતની કિતાબમાં જીવનના તમામ રહસ્યો અને એનો ઉકેલ લખેલો જ છે, એને જે વાંચતા શીખી લે એ જાણે બુદ્ધત્વ પામી જાય છે.**



પ્રથમ પૂ અનુબેનનો આભાર કે જેમણે "સ્વ થી આગળ સમષ્ટિકલ્યાણ" ના માર્ગે મુનિ સેવા આશ્રમ રૂપી સ્થાનકનાં  અવિરત  સેવા યજ્ઞ  માં નાની એવી આહુતિ આપવાનો મોકો આપ્યો.

વિક્રમ - વિક્રમભાઈ નો આભાર માનીશ તો તેમને એ જરાય નહીં ગમે. પણ રસમ અમારી નોખી અને રિવાજ અમારા નોખા , અમારે તો શબ્દો જ કંકુ અને ચોખા એ મારા કવિ મિત્ર શ્રી મનોજભાઈ ખંડેરિયા ની પંક્તિ યાદ આવી ગઈ એટલે શબ્દો નો સહારો તો લેવો જ પડે!! -  જીવનભર એક ઉત્તમ મિત્ર રહેવા બદલ અને એ મિત્રતાથી મારા જીવન બાગને મહેકાવવા બદલ !

મારી લાગણીઓ ને વાચાળ બનાવવામાં જે કવિ - લેખકોની ભાવવાહી રચનાઓનો સથવારો મળ્યો તે સર્વે રચનાકારોનો ખુબ ખુબ આભાર અને રચના યાદ રાખીને રચયિતા ભૂલી જવાની મારી આદત માટે ક્ષમા યાચના !

અને અંતે મારી આ મૈત્રીગાથાના વિચારને અમલમાં મુકવામાં  સહયોગ બદલ, પૂરક માહિતી ઓ આપવા બદલ અને જરૂર જણાય ત્યાં મઠારવા બદલ નમિષાનો  હું હૃદય પૂર્વક આભાર માનું છું. મારી કલમમાં શાહી પૂરવાનું કામ એણે કર્યું છે.

મૈત્રી એ આપણો  મિજાજ છે, જેવા છીએ એવા એકબીજાના સ્વીકારની, ... જ્યાં આપણે ‘ખૂલવા’ માટે ક્યારેય રાહ જોવી નથી પડી.. ખુલ્લું- ખડખડાટ-બેધડક-બેફામ, ખભો થાબડીને કે ખભા ઉપર ગુંબો મારીને બધું જ કહી શકાયું છે.આપણે એકબીજાના મિત્ર છીએ – એનો રાજીપો ઊજવવાની આ રચના છે !

આશા છે તમને ગમશે.



હું તમને કહું છું તે ભૂતકાળમાં કહેવાયું હતું તે કારણે માનશો નહીં;

પરંપરાથી ઊતરી આવ્યું છે તે કારણે માનશો નહીં;

આમ જ હોય એવું માનીને તેનો સ્વીકાર કરશો નહીં;

પવિત્ર ધર્મગ્રંથોમાં છે તેથી તેને માનશો નહીં;

અનુમાનથી તે પુરવાર કરી શકાય છે તેથી તેને માનશો નહીં;

એમાં વ્યવહારુ ડહાપણ છે એવું માનીને સ્વીકારશો નહીં;

એ સંભવિત લાગે છે તેથી તેને સ્વીકારશો નહીં;

પ્રખ્યાત અને પવિત્ર સાધુએ કહ્યું છે તેથી તેને માનશો નહીં;

પરંતુ તે જો તમારા વિવેકને અને અંતરાત્માને સુખકર અને શ્રેયસ્કર લાગતું હોયતો જ તેનો સ્વીકાર કરજો અને તેને લાયક બનજો.

– ગૌતમ બુદ્ધ